# સોનુના લાડવા





સોનુ સવારે સૂઈને ઊઠયો. તેને
ખૂબ જ ભૂખ લાગી હતી.



તેને યાદ આવ્યું કે ઘરમાં તો લાડવા છે.



તે લાડવાનો ડબ્બો લેવા માટે ગયો,
પણ ડબ્બો ખૂબ ઊંચે હતો.



તેણે પોતાનો હાથ ડબ્બા સુધી લંબાવ્યો, પરંતુ ડબ્બા સુધી હાથ પહોંચ્યો નહીં.



સોનુ ટેબલ પર ચડ્યો, પણ ડબ્બા
સુધી પહોંચી શક્યો નહીં.



તે ઉદાસ થઈને બેસી ગયો.



ત્યારે જ તેની મમ્મી આવી.



તેમણે લાડવાનો ડબ્બો ઊતારીને
આપી દીધો.



સોનુ ખૂબ ખુશ થઈ ગયો. તેણે મજાથી લાડવા ખાધા.

# સોનુના લાડવા

સોનુ સવારે સૂઈને ઊઠયો. તેને ખૂબ જ ભૂખ લાગી હતી. તેને યાદ આવ્યું કે ઘરમાં તો લાડવા છે. તે લાડવાનો ડબ્બો લેવા માટે ગયો, પણ ડબ્બો ખૂબ ઊંચે હતો. તેણે પોતાનો હાથ ડબ્બા સુધી લંબાવ્યો, પરંતુ ડબ્બા સુધી હાથ પહોંચ્યો નહીં. સોનુ ટેબલ પર ચડ્યો, પણ ડબ્બા સુધી પહોંચી શક્યો નહીં. તે ઉદાસ થઈને બેસી ગયો. ત્યારે જ તેની મમ્મી આવી. તેમણે લાડવાનો ડબ્બો ઊતારીને આપી દીધો. સોનુ ખૂબ ખુશ થઈ ગયો. તેણે મજાથી લાડવા ખાધા.

મુખ્ય શબ્દ: લાડવા, ડબ્બો, સોનુ, હાથ



શિક્ષણનો અધિકાર
સમગ્ર શિક્ષા
સૌ ભણે, સૌ આગળ વધે

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને
તાલીમ પરિષદ ગાંધીનગર

આ સાહિત્ય સમગ્ર શિક્ષા અંતર્ગત ૨૦૨૦-૨૧ માટે વિનામૂલ્યે આપવામાં આવે છે. જેના સ્પેસીફીકેશન નીચે મુજબ છે.

અંદરના પેજ - "૮ પાના." ૨૧૦ જી.એસ.એમ. આર્ટ પેપર (પેપર મીલ : જે. કે. મીલ)
કવર પેજ - "૪ પાના." ૩૦૦ જી.એસ.એમ. આર્ટ પેપર (પેપર મીલ : જે. કે. મીલ)
૪+૪ કલર પ્રિન્ટીંગ, સાઈઝ : ૩૦૫ X ૪૫૭ એમ.એમ. બાઈન્ડીંગ : સેન્ટર બાઈન્ડીંગ ( ટુ પીન)